# ગુજરાતની સહકારી બેંકો પર સાઈબર એટેક: 5,000 કરોડથી વધુના વ્યવહારો અટકાયા

**હેકર્સ** દ્વારા મોટો સાઇબર એટેક થયાની સંભાવના, સરકાર ખાતેદારોના રૂપિયા સુરક્ષિત છે, તેવી બાંહેધારી આપે અને જલ્દીથી સ્થિતિ યથાવત કરે: કોંગ્રેસ

અમદાવાદઃ ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ બેંક અને તેમની સાથે સંકળાયેલી 13 જેટલી જીલ્લા બેંકો અને 150 જેટલી અર્બન બેંકોના સમગ્ર ડિજિટલ વહેવારો છેલ્લા ત્રણ દિવસથી અટકી ગયા છે. જેમાં 5,000 કરોડથી વધુના વ્યવહારો અટકાયા છે.

છતાં હજી સુધી આ બેંકોના સત્તાધીશોએ કોઈપણ જાતનો ખુલાસો કર્યો નથી, તેથી રાજ્ય સરકાર ખાતેદારોના રૂપિયા સુરક્ષિત છે, તેવી બાંહેધારી આપે અને જલ્દીથી સ્થિતિ યથાવત કરે, તેવી માગણી પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે કરી છે.

પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે વધુમાં કહ્યું હતુ કે રાજ્યના ખેડૂતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ, મહિલાઓ, રોજમદાર સહિતના બેંક ખાતેદારોના સમગ્ર ડિજિટલ વ્યવહારો જેવા કે એનઈએફટી, આરજીટીએસ, યુપીઆઈ, ફોન પે, ગુગલ પે, પેટીએમ જેવી દરેક સર્વિસ છેલ્લા 72 કલાકથી બંધ થઈ ગઈ છે. મળતી માહિતી મુજબ હેકર્સ દ્વારા મોટો સાઈબર એટેક કરવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત બેંકોમાં સામાન્ય કરતાં ત્રણ ગણી વધુ કિંમતે સાયબર સુરક્ષા માટે સોફ્ટવેર સિસ્ટમ અને સર્વરની વ્યવસ્થા કરવામાં આવેલી છે. આ સોફ્ટવેર કંપનીના પેટા કોન્ટ્રાક્ટ બેંક સાથે સંકળાયેલા મોટા માથાઓના કુટુંબીજનો ચલાવી રહ્યાં હોય તેવા પ્રશ્નો ઉઠી રહ્યાં છે, તેનો ખુલાસો પણ સત્તાધીશોએ કરવો જોઈએ અને જવાબદારોને દંડવા જોઈએ.

જેથી ગ્રાહકોનો વિશ્વાસ બની રહે. ગ્રાહકો બેંકોમાં આ બાબતે ફરિયાદ કરે છે તો કોઈ સંતોષકારક જવાબ મળતો નથી, ઉપરોક્ત બાબત ખૂબ જ ગંભીર હોવાથી રાજ્ય, કેન્દ્ર સરકારના નાણાં વિભાગએ અને રિઝર્વ બેન્કે પણ જરૂરી પગલાં લેવા જોઈએ.

# અમદાવાદમાં બાળ તસ્કરી અને ભીખ મંગાવવાના રેકેટમાંથી 44 બાળકોને મુક્ત કરાવાયા

**બળજબરીથી** ભીખ મંગાવતા તથા બાળકોની તસ્કરી કરતા નવ જેટલા કસ્ટોડિયન અને વચેટીયાઓ વિરુદ્ધ ફરિયાદ

**બાળકોને** શાળાકીય શિક્ષણ, પોષણ અને આરોગ્યની વ્યવસ્થા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ મનપા સાથે રહી કરશે

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં બાળકોની તસ્કરી અને ભીખ મંગાવવાના ચાલતા રેકેટમાંથી 44 બાળકોને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મુક્ત કરાવ્યા છે. બાળકોની તસ્કરી કરી આ બાળકો પાસે બળજબરીથી ભીખ મંગાવવાની પ્રવૃત્તિ કરતા તેમના નવ જેટલા કસ્ટોડિયન અને વચેટીયાઓ વિરુદ્ધ ક્રાઈમ બ્રાન્ચે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચના જોઈન્ટ સીપી શરદ સિંગલના માર્ગદર્શનથી ડીસીપી અજીત રાજીયાનની આગેવાની હેઠળ પોઈ જે.કે. મકવાણાની ટીમે અમદાવાદ શહેરમાં બાળકોની તસ્કરી અને ભીખ મંગાવવાની પ્રવૃત્તિ કરતા તેમના કસ્ટોડિયન અને વચેટીયાઓની ચુંગલમાંથી અગાઉ 33 બાળકોને મુક્ત કરાવ્યા બાદ આજે વધુ 10 બાળકો એમ કુલ 44 બાળકોને મુક્ત કરાવવામાં આવ્યા છે. બાળકોની અન્ય રાજ્યોમાંથી તસ્કરી કરીને લાવવામાં આવતા હોવાનું તેમજ તેમની પાસેથી ભીખ મંગાવવામાં આવી હોવાનું તપાસ દરમ્યાન બહાર આવ્યું છે. જેમાં ક્રાઈમ બ્રાંચની ટીમે 9 લોકો સામે ગુનો દાખલ કર્યો છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા આ બાળકોની હાલમાં મેડિકલ ચેકઅપની કાર્યવાહી કરવામાં આવી રહી છે, ત્યારબાદ આ બાળકોને શાળામાં દાખલ કરવા અને તેમની પુનઃવસનની પ્રક્રિયા કરવામાં આવશે.

ક્રાઈમ બ્રાન્ચ આ બાળકોને શાળાકીય શિક્ષણ, પોષણ અને આરોગ્ય સેવાઓ માટે અમદાવાદ મનપા સાથે મળી કાર્યવાહી કરશે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બાળકોની તસ્કરી તથા બળજબરીપૂર્વક ભીખ મંગાવવાની પ્રવૃત્તિ કરતા નવ જેટલા વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ધો. 12ની પુરક પરીક્ષાની ગુણ ચકાસણી અરજી 6 ઓગસ્ટ સુધી ઓનલાઇન કરી શકાશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામમાં ધોરણ-12 વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના પરિણામની ગુણચકાસણી કરવા ઈચ્છતા ઉમેદવારો 6 ઓગસ્ટ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી અરજી કરી શકશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા વિભાગના નિયામકના જણાવ્યા પ્રમાણે ધોરણ 12 વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની જૂન -જુલાઈ 2024ની પૂરક પરીક્ષાનું પરિણામ 29 જુલાઈના રોજ જાહેર કરવામાં આવ્યું છે. જે ઉમેદવારો આ પરિણામમાં ગુણ ચકાસણીની અરજી કરવા ઈચ્છતા હોય, તેઓએ બોર્ડની વેબસાઈટ પર તા. 6 ઓગસ્ટ 2024ને સાંજે 5-00 વાગ્યા સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી અરજી કરવાની રહેશે.

ગુણ ચકાસણીની અરજી ફક્ત ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. અરજીની સાથે નિયત ફી ઓનલાઈન ભરવાની રહેશે.

# UPSC પરીક્ષા પાસ કરાવવાનો બિઝનેસ વાર્ષિક 3,000 કરોડ રૂપિયાનો છે

ટુ ધ પોઈન્ટ ■ સમકિત શાહ

ભારતમાં બેકારીનું પ્રમાણ હદ બહાર વધી ગયું છે. યુવાનો લાખો રૂપિયા ખર્ચીને ડોક્ટર કે ઇજનેર બને તે પછી પણ તેમને મહિને પંદર હજાર રૂપિયાના પગારની નોકરી મળતી નથી. આ કારણે યુવાનો જેમાં તાગડધિન્ના છે, તેવી UPSC ની પરીક્ષામાં પાસ થવા તનતોડ મહેનત કરે છે. તેમાં લાખો વિદ્યાર્થીઓ પ્રયાસ કરે છે, પણ ગણ્યાગાંઠ્યા વિદ્યાર્થી જ પાસ થાય છે. તેમ છતાં વિદ્યાર્થીને UPSC ની પરીક્ષામાં પાસ થવાનાં સપનાં બતાવતા કોચિંગ ક્લાસો કરોડો રૂપિયાની કમાણી કરી રહ્યા છે. તાજેતરના દિવસોમાં દિલ્હીનું રાવ કોચિંગ સેન્ટર સમગ્ર ભારતમાં ચર્ચાનો વિષય બન્યું છે. ગયા શનિવારે જૂના રાજેન્દ્રનગર સ્થિત રાઉ કોચિંગ સેન્ટરના ભોંયરામાં વરસાદી પાણી ભરાવાને કારણે ત્રણ ઉમેદવારોએ જીવ ગુમાવ્યો હતો. આ વિદ્યાર્થીઓ IAS બનવાનું સપનું લઈને દિલ્હી આવ્યાં હતાં, પરંતુ કોચિંગ સેન્ટરની ઘોર બેદરકારીને કારણે તેમનો જીવ ગયો હતો. હવે IAS-IPSની તૈયારી કરી રહેલાં ઉમેદવારો સામે મોટું સંકટ ઊભું થયું છે, કારણ કે દિલ્હીમાં મોટા ભાગનાં કોચિંગ સેન્ટરો બેઝમેન્ટમાં જ ચાલે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેવા બધા કોચિંગ ક્લાસો સીલ કરવામાં આવ્યા છે. તેને કારણે લાખો વિદ્યાર્થીઓ હતાશામાં ગરકાવ થઈ ગયા છે. સવાલ એ છે કે આ કોચિંગ સેન્ટરો લાખોમાં ફી વસૂલે છે, પરંતુ સુરક્ષાની કોઈ કાળજી લેતા નથી. દિલ્હીમાં મોટા ભાગનાં કોચિંગ સેન્ટરો નિયમોનું ઉલ્લંઘન કરતાં જોવા મળે છે. દર વર્ષે લાખો ઉમેદવારો UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષામાં ભાગ લે છે, જેમાંથી માત્ર ૧,૦૦૦ જેટલાં બાળકો જ પરીક્ષા પાસ કરી શકે છે. ઉદાહરણ તરીકે વર્ષ ૨૦૧૭માં ૪.૫ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ભાગ લીધો હતો અને અંતે માત્ર ૯૯૦ વિદ્યાર્થીઓ જ પાસ થઈ શક્યા હતા. એટલે કે માત્ર ૦.૨ ટકા વિદ્યાર્થીઓ જ પાસ થયાં હતાં. ૨૦૧૬ થી ૨૦૨૩ સુધી સફળતાનો દર એ જ રહ્યો છે. માત્ર ૦.૨ થી ૦.૪ ટકા વિદ્યાર્થીઓ જ સફળ થાય છે અને બાકીનાં ઉમેદવારો ફરીથી પરીક્ષાની તૈયારી કરે છે. વર્ષ ૨૦૨૪માં લગભગ ૧૩ લાખ વિદ્યાર્થીઓએ પ્રાથમિક પરીક્ષા આપી હતી, જેના પરથી તમે કલ્પના કરી શકો છો કે માર્કેટનો વિસ્તાર કેટલો મોટો છે.

UPSC સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં ભાગ લેનારા અડધાથી વધુ ઉમેદવારો કોચિંગ દ્વારા અભ્યાસ કરે છે. ૨૦૨૦માં કરવામાં આવેલા એક સર્વેમાં બહાર આવ્યું છે કે ૫૫.૬ ટકા ઉમેદવારો તૈયારી માટે કોચિંગમાં ભાગ લે છે અને ૨૬.૪ ટકા કોચિંગ વગર અભ્યાસ કરે છે, જ્યારે ૧૮ ટકા બાળકો ઓનલાઈન સંસાધનો અને સામગ્રી દ્વારા અભ્યાસ કરે છે. હવે કોચિંગ સેન્ટર્સનો કારોબાર ઘણો વધી ગયો છે અને ઘણી કોચિંગ સંસ્થાઓ કરોડો રૂપિયાની કમાણી કરે છે. આ ક્ષેત્રમાં કેટલાક મોટા ખેલાડીઓ છે, જેઓ દાવો કરે છે કે દર વર્ષે ૧૦ હજારથી ૧૨ હજાર વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરવા આવે છે. દરેક વિદ્યાર્થીની સરેરાશ ફી ૧.૨૫ થી ૧.૭૫ લાખ રૂપિયા હોય છે. ઘણી કોચિંગ સંસ્થાઓની સમગ્ર ભારતમાં શાખાઓ છે. દિલ્હી આમાં સૌથી આગળ માનવામાં આવે છે, જ્યાં ઓલ્ડ રાજેન્દ્ર નગર, દક્ષિણ કેમ્પસ વગેરે જેવા વિસ્તારોમાં ઘણી કોચિંગ સંસ્થાઓ છે. દિલ્હી ઉપરાંત પ્રયાગરાજ, જયપુર, હૈદરાબાદ, પટના પણ કોચિંગ સેન્ટરનાં હબ બની રહ્યાં છે.




દરેક કોચિંગ ઇન્સ્ટિટ્યૂટની પોતાની વિશેષતા હોય છે અને તેના નામ પર ઉમેદવારો પાસેથી પૈસા માંગવામાં આવે છે. દરેક કોચિંગ સંસ્થા પરીક્ષા પાસ કરાવવાનો દાવો કરે છે. એક કોચિંગ સેન્ટર દાવો કરે છે કે ૯૯૦ બાળકોમાંથી ૨૪૪ બાળકો તેમને ત્યાં ભણ્યાં છે, જ્યારે અન્ય ૪૦૦ થી વધુ બાળકોને ભણાવ્યાં હોવાનો દાવો કરે છે. પરિણામો જાહેર થયા બાદ કોચિંગ સેન્ટરો દ્વારા જાહેરખબરમાં ટોપર્સના ફોટા છપાવવાની હરીફાઈ જામે છે. કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં ફી તેમના દ્વારા આપવામાં આવતી સુવિધાઓ પર આધારિત હોય છે. મોટા ભાગનાં કોચિંગ સેન્ટરોમાં, ફાઉન્ડેશન કોર્સ ઓફલાઈન, ફાઉન્ડેશન કોર્સ ઓનલાઈન, લાઈવ ઓનલાઈન, ટેસ્ટ સીરીઝ, ક્યુઆઈપી વર્ગો, ટેસ્ટ વગેરેના આધારે અભ્યાસક્રમોને વિભાજિત કરવામાં આવે છે.

જે કોચિંગ સેન્ટરના ભોંયરામાં અકસ્માત થયો હતો તેની ફીની વાત કરીએ તો જનરલ સ્ટડીઝના ઓફલાઈન ફાઉન્ડેશન કોર્સની ફી ૧ લાખ ૭૫ હજાર રૂપિયા છે, જેમાં લાઈવ ઓનલાઈન કોર્સની ફી ૯૫,૫૦૦ રૂપિયા છે. ઓપ્શનલ મેન્સ ફાઉન્ડેશન કોર્સની ફી ૫૫,૫૦૦ રૂપિયા છે. આમાં ઓનલાઈન કોર્સની ફી ૪૫,૫૦૦ રૂપિયા છે, જ્યારે CSAT ફાઉન્ડેશન કોર્સની ફી ૧૮,૫૦૦ રૂપિયા છે. ઓનલાઈન કોર્સની ફી ૧૨,૫૦૦ રૂપિયા છે. જો કે કોચિંગ સેન્ટરો અંગે કોઈ અલગ અભ્યાસ નથી, પરંતુ એવું કહેવાય છે કે આઈએએસ કોચિંગનો બિઝનેસ અબજોમાં છે. સમગ્ર ભારતમાં તમામ કોચિંગ સેન્ટર્સનું ટર્નઓવર વાર્ષિક ૫૮ હજાર કરોડ રૂપિયા હોવાનું માનવામાં આવે છે. એવું કહેવાય છે કે ૨૦૨૮ સુધીમાં આ બિઝનેસ ૧.૩ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી જશે. આમાં IAS કોચિંગ સેન્ટરોનો બિઝનેસ ૩,૦૦૦ કરોડ રૂપિયાનો છે.

દિલ્હી દેશની રાજધાની છે. ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ ભારતનાં વિદ્યાર્થીઓ અહીં UPSC કોચિંગ માટે આવે છે. કોઈના પિતાએ પોતાનું ખેતર અને જમીન વેચીને અહીં ભણવા મોકલ્યાં છે, તો કોઈ લોન લઈને પુત્રને ઓફિસર બનાવવાની કોશિશ કરી રહ્યાં છે. આમાંથી ઘણાં ઉમેદવારો હોળી કે દિવાળી પર પણ ઘરે જઈ શકતાં નથી. કેટલાંક વર્ષોથી રાજેન્દ્ર નગરમાં એક નાનકડા રૂમમાં રહીને સિવિલ સર્વિસની તૈયારી કરી રહ્યાં છે. આ અકસ્માતે તમામ ઉમેદવારો અને તેમના પરિવારોને પરેશાન કરી દીધાં છે. જૂના રાજેન્દ્ર નગર અને તેની આસપાસના વિસ્તારોમાં મકાનમાલિકો વધુ પડતું ભાડું વસૂલે છે. એક નાનકડી રૂમનું ભાડું ૧૫-૧૮ હજાર રૂપિયા છે, જેમાં માત્ર સિંગલ બેડ અને ખુરશી-ટેબલનો સેટ રાખી શકાય છે. આ વિદ્યાર્થીઓ તેમનાં માતાપિતા પર નિર્ભર છે. આવી સ્થિતિમાં તેમના માટે આટલું ભાડું ચૂકવવું શક્ય નથી.

UPSC અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ તેમનો મોટા ભાગનો સમય લાઇબ્રેરીમાં વિતાવે છે. તેમના માટે લાઇબ્રેરી સલામત જગ્યા છે, તેમની આરામ કરવાની પણ જગ્યા છે. આ જ લાઈબ્રેરીમાં બનેલા આવા કરુણ અકસ્માતે સૌને ચોંકાવી દીધાં છે. મોટા ભાગની UPSC કોચિંગ લાઇબ્રેરીઓ ભોંયરામાં ચાલે છે, કારણ કે બેઝમેન્ટ લાઈબ્રેરી માટે ફી ઓછી છે. વિદ્યાર્થીઓને અહીં અભ્યાસ કરવાનું સસ્તું લાગે છે. લાયબ્રેરી ક્યાં કાર્યરત છે તે અંગેના નિયમો હોવા જરૂરી છે જેથી ભવિષ્યમાં આવું ન થાય. વિદ્યાર્થીઓ કોચિંગ ડિરેક્ટરોથી નાખુશ છે. મોટા ભાગનાં ઉમેદવારો આ દુઃખની ઘડીમાં તેમની મદદની રાહ જોઈ રહ્યાં છે. વિદ્યાર્થીઓ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનથી પણ ખૂબ નારાજ છે, કારણ કે ઘણી ફરિયાદો હોવા છતાં, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના અમલદારોએ કોઈ પગલાં લીધાં નથી.

UPSC શિક્ષક અને દૃષ્ટિ IAS ના સ્થાપક ડો. વિકાસ દિવ્યકીર્તિ વિદ્યાર્થીઓના નિશાના પર છે. UPSC નાં લાખો ઉમેદવારો તેમને પોતાના ગુરુ માને છે પણ આજે તેઓ આટલા મોટા અકસ્માત પર મૌન જાળવી રહ્યા છે. સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ અને અન્ય સ્થળોએ જ્યારે કોઈ ગુમ થાય છે, ત્યારે જાહેરાત કરાય છે. સોશ્યલ મિડિયા પર ડો. વિકાસ દિવ્યકીર્તિના ફોટા સાથેનાં પોસ્ટરો વાયરલ થઈ રહ્યાં છે. તેમાં તેમનાં નામ અને ફોટા સાથે તેમની ઊંચાઈ, વજન, ઉંમર, આંખો, વાળ વગેરે પર કટાક્ષ કરવામાં આવ્યો છે. તેમાં લખવામાં આવ્યું છે કે જો આ વ્યક્તિ ક્યાંય જોવા મળે તો જૂના રાજેન્દ્ર નગરમાં વિરોધ પર બેઠેલા વિદ્યાર્થીઓને તેની જાણ કરવામાં આવે. ભારતની રાજધાની દિલ્હીમાં આ બધું બની રહ્યું છે, ત્યારે કેન્દ્ર સરકાર તમાશો જોઈ રહી છે. જાણે કે દેશના બેકાર યુવાનો માટે તેની કોઈ જવાબદારી ન હોય તેમ કેન્દ્ર સરકાર વર્તી રહી છે.

**વર્ષ ૨૦૧૭માં ૪.૫ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ભાગ લીધો હતો અને અંતે માત્ર ૯૯૦ વિદ્યાર્થીઓ જ પાસ થઈ શક્યાં હતાં. એટલે કે માત્ર ૦.૨ ટકા વિદ્યાર્થીઓ જ પાસ થયાં હતાં**

# BUSINESS મિત્ર

**રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.81 લાખ કરોડની વૃદ્ધિ**

# શેરબજારમાં ચોથા દિવસે વધારો, મિડકેપ-સ્મોલકેપ શેરો નવી ઐતિહાસિક સપાટીએ



**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 31:** ફેડરલ રિઝર્વના ફેડરેટની રોકાણકારો આતુરતાથી રાહ જોવાઈ રહી છે, ગઈકાલે નાસ્કડેમાં નરમાઈ રહી હતી, પરંતુ આજે સ્પષ્ટ ચિત્ર જોવા મળશે. ભારતીય શેરબજાર સતત ચોથા દિવસે પોઝિટિવ વલણ સાથે બંધ રહ્યું હતું. જોકે, મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ ઈન્ડેક્સ ઈન્ટ્રાડેમાં નવી ઐતિહાસિક સપાટી બનાવી હતી. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.81 લાખ કરોડની વૃદ્ધઈ જોવા મળી હતી.

આજના કારોબાર દિવસ દરમ્યાન યુટિલીટી, મેટલ અને પાવર શેરો વધ્યા હતા. જ્યારે રિયલ્ટી શેરોમાં નફાવસુલી જોવા મળી હતી.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ રૂ. 462.72 લાખ કરોડ પર પહોંચી ગયું છે. જે ગત સેસનમાં રૂ. 460.91 લાખ કરોડ હતું. આ ઉપરાંત, 361 શેરોએ બાવન વીકની નવી ઉંચાઈ બનાવી હતી, જ્યારે 14 શેરો બાવન વીકની નીચી સપાટીએ બંધ રહ્યા હતા.

સેબી સટ્ટાખોરી પર અંકુશ મુકવા, રોકાણકારોનું રક્ષણ કરવા અને અપફ્રન્ટ ઓપ્શન પ્રીમિયમ કોન્ટ્રાક્ટના કદમાં વધારો અને સાપ્તાહિક ઈન્ડેક્સ પ્રોડકટસ પરના નિયંત્રણો જેવા પગલા રજૂ કરીને બજારને સ્થિર કરવા માગે છે.

**સેન્સેક્સ 285 પોઈન્ટ અને નિફ્ટી એક પોઈન્ટ સુધર્યા**

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 285.94 પોઈન્ટ એટલે કે 0.35 ટકા વધીને 81741.34 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 81828 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 81432 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 92.85 પોઈન્ટ એટલે કે 24900 પોઈન્ટની સપાટી કુદાવીને 24951.15 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 24984 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24856 પોઈન્ટ સુધી ઘટી હતી. વીકલી એકસપાયરી વચ્ચે બેન્ક નિફ્ટી 54.10 પોઈન્ટ એટલે કે 0.11 ટકા સુધરીને 51553.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ટોરેન્ટ પાવરમાં 6.3 ગણા, સુવેન ફાર્મામાં 5.2 ગણા, નવીન ફ્લોરીનમાં 4.3 ગણા, કલીન સાયન્સમાં 3.12 ગણા અને સીસીએલ પ્રોડકટસમાં 3.11 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ટોરેન્ટ પાવરમાં 18.14 ગણા, સુવેન ફાર્મામાં 9.75 ગણા, સીસીએલ પ્રોડકટસમાં 7.23 ગણા અને કેફિન ટેકનોમાં 6 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારાની ચાલ જોવા મળી હતી. આજે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ નવી ઉંચાઈ હાંસલ કરી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.86 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.14 ટકા ઘટયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 48680.74 પોઈન્ટની નવી ઉંચાઈ હાંસલ કરી હતી, તેની સાથે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 55685.07 પોઈન્ટની નવી ઉંચાઈ હાંસલ કરી હતી.

મેટલ શેરો વધ્યા હતા. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 1.22 ટકા વધ્યા હતા, જેમાં સેઈલ, જેએસડબલ્યુ સ્ટીલ, હિન્દાલ્કો, નેલ્કો, અદાણી એન્ટર, એપીએલ અપોલો ટ્યુબ, હિન્દુસ્તાન કોપર, જિન્દાલ સ્ટીલ, રત્નામણિ મેટલ્સ ને વેદાન્તા વધ્યા હતા. બીજી તરફ, વેલસપ્ન કોર્પ, એનએમડીસી અને જિન્દાલ સ્ટેનલેસ ઘટયા હતા.

**યુરોપિયન અને એશિયન બજારોમાં સુધારો**

આજે યુરોપિયન બજારોમાં આગેકૂચ જોવા મલ્યા હતા. જ્યારે મોટા ભાગના એશિયન બજારો વધ્યા હતા. યુરોપિયન યુનિયનની સ્ટિસ્ટિક્સ એજન્સી દ્વારા બહાર પડેલા એક અહેવાલમાં જુલાઈમાં યુરો ઝોનમાં હેડલાઈન ફુગાવામાં અનઅપેક્ષિત વધારો થયો હતો, જે જુનમાં 2.5ટકાથી વધીને 2.6 ટકા થયો હતો. બેન્ક ઓફ જાપાને પ્રથમ વખત 0.25 ટકા વ્યાજદરમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. ચીનનો મેન્યુફેકચરીંગ સેકટરમાં જુલાઈમાં સતત ત્રીજા મહિને સંકોચન થયું હતું. જુલાઈમાં મેન્યુફેકચરીંગ પીએમઆઈ ઘટીને 49.4 ટકા પર આવી ગયું હતું. જે સ્થાનિક મગામાં સતત નબળાઈને પ્રતિબંબિત કરે છે. ઓસ્ટ્રેલિયાના ફુગાવાનો દર બીજા કવાર્ટરમાં અપેક્ષા મજુબ વધ્યો હતો, પરંતુ અપેક્ષા કરતા નરમ કોર ફુગાવાના આંકાડએ રિઝર્વ બેન્ક ઓફ ઓસ્ટ્રેલિયા દ્વારા વ્યાજદરમાં વધારાના વિરામ પર સટ્ટો વધાર્યો હતો. સીપીઆઈ ફુગાવો 3.8 ટકા વધ્યો હતો. બીજી તરફ, આજે ફેડની બેઠક છે, જેની ઉપર રોકાણકારોની નજર છે. ગઈકાલે નાસ્ડેક 1.3 ટકા ઘટયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 1.17 ટકા, કેક 1.11 ટકા અને ડેક્સ 0.51 ટકા વધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.47 ટકા, સ્ટ્રેઈટસ 0.41 ટકા, હેંગસેંગ 1.97 ટકા, કોસ્પી 1.17 ટકા, જકાર્તા 0.19 ટકા અને શાંઘાઈ 2.02 ટકા વધ્યા હતા.

### રૂપિયો એક પૈસા સુધર્યો

**અમદાવાદ, તા. 31:** કરન્સી બજારમાં રૂપિયામાં સુધારો નોંધાયો છે. આજે ડોલરની સામે રૂપિયો એક પૈસા સુધરીને 83.72ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેસનમાં ડોલરની સામે રૂપિયો 83.73ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 90.82, પાઉન્ડ 17.59, કેનેડિયન ડોલર 60.58, ઓસ્ટ્રેલિયન ડોલર 54.59, જાપાનીઝ યેન 0.5588 અને સીંગાપોર ડોલર 62.64ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | 285.94 | 81741.34 |
| **નિફ્ટી** | 93.85 | 24951.15 |
| **બેન્ક નિફ્ટી** | 54.10 | 51553.40 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.90 | 928.25 |
| એશિયન પેઇન્ટસ | 2.64 | 3084.45 |
| એચડીએફસી લાઇફ | 2.62 | 715.50 |
| એનટીપીસી | 2.22 | 416.00 |
| એસબીઆઇ લાઇફ | 1.89 | 1753.65 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બ્રિટાનીયા | 0.99 | 5784.45 |
| ડો રેડ્ડીઝ લેબ | 0.79 | 6750.50 |
| રિલાયન્સ | 0.51 | 3010.85 |
| ગ્રાસીમ | 0.51 | 2776.75 |
| તાતા કન્ઝયુમર | 0.50 | 1188.95 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જેએસડબલ્યુ સ્ટીલ | 3.64 | 934.90 |
| એશિયન પેઇન્ટસ | 2.59 | 3082.30 |
| મારૂતિ સુઝુકી | 2.28 | 13167.95 |
| એનટીપીસી | 2.25 | 416.05 |
| ભારતી એરટેલ | 1.49 | 1492.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| તાતા મોટર્સ | 0.51 | 1156.35 |
| રિલાયન્સ | 0.51 | 3010.25 |
| ઇન્ફોસીસ | 0.48 | 1868.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.36 | 2910.80 |
| બજાજ ફાઇનાન્સ | 0.31 | 6808.45 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૨ | ૫૦/૩૬ '' | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૦ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૫ |
| ૬૮/૩૬ | ૧૩૩ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૦ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૯ | ૬૮ ક્રિમ્પ | ૧૨૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૭ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૦.૨૫ | ૭૫ ક્રિમ્પ | ૧૨૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૪ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૧.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૨૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૯ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૧.૫ | ૮૦/૭૨ રોટો | ૧૩૩ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૮ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-30 | ૪૧૫૦ |
| એસ-30 | ૪૦૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૦૫૦ |
| એસ-30 | ૪૯૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૧૬૦૦ |
| તેજાબી સોનું | ૭૧૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૬૮૦૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૭૦૧૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૭૧૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૮૫૭૫૦ |
| ચાંદી સિક્કા | ૮૭૨૫૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૫૦ | કોપરેલ | ૨૯૯૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૫૦ | વનસ્પતિ ઘી | ૧૮૩૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૮૦ | સનફ્લાવર | ૧૭૦૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૯૦૦ | તલતેલ | ૬૨૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૭૫૦ | દિવેલ | ૨૧૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૬૬૦ | મકાઇ તેલ | ૧૯૫૦ |
| સરસીયું તેલ | ૨૩૫૦ | | |

# ઇન્ડસ ટાવર્સે 2640 કરોડ રૂપિયાના બાયબેકની જાહેરાત કરી

મુંબઇ, તા. 31: ઇન્ડસ ટાવરે રૂ. 2540 કરોડના બાયબેક પ્લાન જાહેર કર્યા બાદ આજે શેરનો ભાવ ઘટ્યો હતો. ઇન્ડસ ટાવર્સે પણ અહેવાલ આપ્યો છે કે નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કલેક્શનમાં સુધારો થતાં તેની મજબૂત કામગીરી અને નાણાકીય કામગીરી ચાલુ રહી છે.

આજે ઇન્ડસ ટાવર્સ રૂ. 448 ખુલીને રૂ. 449.70 સુધી ઉછળ્યો હતો. પરંતુ છેલ્લે ઘટયો હતો. બીએસઇ એનાલિટિક્સ અનુસાર ટેલિકોમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીનું માર્કેટ કેપિટલાઇઝેશન 1.16 લાખ કરોડ રૂપિયા છે.

ઇન્ડસ ટાવર્સે અહેવાલ આપ્યો છે કે 30 જૂન, 2024ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં તેની એકીકૃત આવક 7383 કરોડ રૂપિયા રહી હતી, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરની તુલનામાં 4.3 ટકા વધારે છે. જ્યારે ટેક્સ પછીનો નફો રગત વર્ષના સમાન ક્વાર્ટરની તુલનામાં 42.9 ટકા વધીને 1926 કરોડ રૂપિયા થયો છે.

એક ફાઇલિંગમાં ઇન્ડસ ટાવર્સે 5.67 કરોડ ઇક્વિટી શેર બાયબેકની જાહેરાત કરી હતી, જે કુલ બાકી ઇક્વિટી શેરના લગભગ 2.107 ટકા છે, જે ઇક્વિટી શેર દીઠ રૂ. 465 એટલે કે 7.39 ટકા પ્રીમિયમના ભાવે કુલ રૂ.2640 કરોડની રકમમાં ખરીદવામાં આવશે. જેની રેકોર્ડ ડેટ 9મી ઓગસ્ટ નક્કી કરી છે.

બ્રોકરેજ સિટીએ ઇન્ડસ ટાવર્સને પોઝિટિવ રેટિંગ આપ્યું છે અને તેનું 'બાય' રેટિંગ છે. તેણે ઇન્ડસ ટાવર્સ માટે 500 રૂપિયાનો લક્ષ્યાંક આપ્યો છે, જે વર્તમાન સ્તરથી 20 ટકાનો વધારો દર્શાવે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઇન્ડસ ટાવર્સે રોકાણકારોને સતત સકારાત્મક વળતર આપ્યું છે. બીએસઈ ટેલિકમ્યુનિકેશન ઇન્ડેક્સના 42 ટકા વળતરની તુલનામાં આ વર્ષે અત્યાર સુધીમાં શેરમાં 113 ટકાનો વધારો થયો છે. બીએસઈ એનાલિટિક્સના જણાવ્યા અનુસાર, આ શેરનું ત્રણ અને પાંચ વર્ષનું વળતર અનુક્રમે 94 ટકા અને 76 ટકા હતું.

# દુનિયાની ટોપ 10 ઓટો કંપનીઓમાં તાતા મોટર્સનો સમાવેશ, ફોર્ડ અને હ્યુન્ડાઇ પાછળ રહ્યા

નવી દિલ્હી, તા. 31: તાતા જુથની તાતા મોટર્સે આજે મહત્વની ઉપલબ્ધિ હાંસલ કરી છે. શેરબજારની ચારેકોર જોરદાર ખરીદીએ દુનિયાભરમાં સૌથી વધુ માર્કેટ કેપ ધરાવતી ટોપ 10 કંપનીઓમાં સામેલ થઈ ગઈ છે. આ સિદ્ધિ હાંસલ કરનારી પ્રથમ ભારતીય ઓટો કંપની છે. તાતા મોટર્સના શેરમાં આ વર્, 48 ટકાથી વધુનો વધારો થયો છે અને ગત વર્ષે તે 101 ટકાથી વધુ વધ્યો હતો. હવે તેની માર્કેટ કેપ પણ રૂ. 4.27 લાખ કરોડના સ્તરને સ્પર્શી ગઈ છે. તાતા મોટર્સે મંગળવારે આ સિદ્ધિ મેળવી હતી, ટ્રેડિંગના એક દિવસ પહેલા શેર રૂ. 1179.05 રૂપિયાની રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. હાલમાં તેની માર્કેટ કેપ રૂ. 384445.89 કરોડ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાતા મોટર્સ 51 અબજ ડોલરની માર્કેટ કેપ ધરાવતી વિશ્વની 10મી સૌથી મોટી કંપની છે.

ટો પર 711.19 અબજ ડોલરની માર્કેટ કેપ સાથે ટેસ્લા છે, તે પછી ટોયેટા મોટર્સ 307.50 અબજ ડોલર, બીવાયડી કંપની 92.65 અબજ ડોલર, ફેરારી એનવી 74.02 અબજ ડોલર, મર્સિડીઝ બેન્ઝ ગ્રુપ 71.26 અબજ ડોલર, પોર્શે 58.29 અબજ ડોલર, બીએમડબલ્યુ એજી 59.54 અબજ ડોલર, ફોકસવેગન એજી 58.18 અબજ ડોલર અને હોન્ડા મોટર 56.12 અબજ ડોલરના ક્રમે આવે છે. તાતા મોટર્સ પછી સ્ટેલાન્ટિસ એનવી 50.64 અબજ ડોલર, જનરલ મોટર્સ 49.74 અબજ ડોલર, મારૂતિ સુઝુકી 48.36 અબજ ડોલર, મહિન્દ્રા-મહિન્દ્રા 43.41 અબજ ડોલર, ફોર્ડ મોટર 43.1 અબજ ડોલર, હ્યુન્ડાઈ મોટર 37.88 અબજ ડોલર અને કિયા મોટર 32.29 અબજ ડોલરનોક્રમે આવે છે.

# મારુતિ સુઝુકીનો પ્રથમ ક્વાર્ટરમાં ચોખ્ખો નફો 47 ટકા વધ્યો

મુંબઈ, તા. 31: આજે શેરબજાર બંધ થયા બાદ ઓટોમોબાઈલ સેક્ટરની દિગ્ગજ કંપની મારૂતિ સુઝુકીએ પ્રથમ ક્વાર્ટરના પરિણામ જાહેર કર્યા છે. મારુતિ સુઝુકી ઈન્ડિયાના જણાવ્યા પ્રમાણે કોસ્ટ ઘટાડવાના પ્રયાસો, અનુકૂળ કોમોડિટીના ભાવ અને વિદેશી મૂડીનફાને કારણે કંપનીનું નાણાકીય પ્રદર્શન મજબૂત રહ્યું હતું. આજે કંપનીના શેરમાં 3 ટકાનો ઉછાળો આવ્યો છે. મારૂતિ સુઝુકીના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ચોખ્ખો નફો 47 ટકા વધીને રૂ.3650 કરોડ થયો છે. જ્યારે ગત વર્ષે આ જ ક્વાર્ટરમાં કંપનીનો ચોખ્ખો નફો 2485 કરોડ રૂપિયા હતો.